## મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી અંતર્ગત ખેડૂત શિબિર

પંચમહાલ જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી અંતર્ગત તા.૦૬/૦૮/૨૦૨૧ ના રોજ ગામ:- વીંઝોલ, તાલુકા:- ગોધરા, જિલ્લો:- પંચમહાલ ખાતે ખેડૂત શિબિરનું આયોજન કરેલ હતું.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગેની તાલીમ આપવા માટે ખેડૂત શિબિરનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૪૫ જેટલા ખેડૂત-મિત્રોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ તાલીમ કાર્યક્રમમાં અત્રેના કેન્દ્રના ડો.પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પી.બી) એ મકાઈની મુલ્ય વર્ધિત તથા સંયોજિત અને સંકર જાતોની માહિતી આપી તેમજ હાઇબ્રીડ બિયારણનો ઉપયોગ કરીને વધુ ઉત્પાદન કરવા અનુરોધ કરેલ હતો.

પ્રો.કે.એચ.પટેલે, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રો) દ્વારા મકાઈની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ અંગે તેમજ ખેડૂતની આવક બમણી કરવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ હતી. ડો.એચ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટકશાસ્ત્રી) દ્વારા મકાઈમાં આવતી નવીન જીવાત લશ્કરી ઇયળની (પૂંછડે ચાર ટપકાવાળી) ઓળખ અને તેના સંકલિત નિયંત્રણ અંગે ખેડૂત-મિત્રોને માર્ગદર્શન આપેલ હતું.

પ્રો.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો તેમજ મકાઈમાં ક્ષેત્રીય નિદર્શનથી થતા ફાયદાઓ વિષે માહિતી આપી. કાર્યક્રમના અંતે ખેડૂત-મિત્રોના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું.





**ખેડૂત શિબિર :- ગામ:- વીંઝોલ, તાલુકા:- ગોધરા, જિલ્લો:- પંચમહાલ**